**જિલ્લા, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, મહેસાણા કચેરીના મહેકમ પરની હંગામી જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃમસક/૧૦૨૦૧૧/૨૦૫૫/ફ.**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૯/૧/૨૦૧૬.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૭/૫/૨૦૧૨ ના સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) ગૃહ વિભાગના તા.૧૨/૧/૨૦૧૫ ના સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) નિયામક સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ, અમદાવાદના તા.૧૪/૮/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ-નસકપ/૯૮/મકમ-૪/૨૦૧૫/૧૭૭૮ તથા તા.૯/૯/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ-નસકપ/૯૮/મકમ-૪/૨૦૧૫/૨૦૦૦.

**ઠ રા વઃ-**

ઉકત ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળની જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, મહેસાણા ખાતે નીચે મુજબની હંગામી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, વર્ગ-૧ | ૦૧ |
| ૨ | મુખ્ય કારકુન, વર્ગ-3 | ૦૧ |
| 3 | કલ્યાણ વ્યવસ્થાપક, વર્ગ-3 | ૦૧ |
| ૪ | જુનીયર કારકુન, વર્ગ-3 | ૦૧ |
| | **કુલઃ-** | **૦૪** |

નાણાં વિભાગની સ્થાયી સુચનાઓ તેમજ મંજુરી અન્વયે ઉકત હંગામી જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવામાં આવેલ હતી. છેલ્લે ઉકત ક્રમાંક(૨) માં દર્શાવેલ વિભાગના તા.૧૨/૧/૨૦૧૫ ના ઠરાવથી આ જગ્યાઓને તા.૨૯/૨/૨૦૧૬ સુધી હંગામી જગ્યા તરીકે લંબાવવામાં આવેલ છે.

ઉકત ક્રમાંક (૪) માં દર્શાવેલ તા.૧૦/૧૦/૨૦૧૪ ના પત્ર અન્વયે જિલ્લા, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, મહેસાણા ખાતે મંજુર થયેલ ઉકત જગ્યાઓ ઘણા વર્ષોથી હંગામી જગ્યાઓ તરીકે લંબાવવામાં આવેલ હોવાથી કાયમી જગ્યામાં રૂપાંતર કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે જિલ્લા, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, મહેસાણાના મહેકમ પરની નીચે જણાવ્યા મુજબની કુલ-૦૪ હંગામી જગ્યાઓ ઘણા સમયથી ભરાયેલ હોય તથા જગ્યાની જરૂરીયાત અને અગત્યતા ધ્યાને લઈ આ હંગામી

જગ્યાઓને નીચેની શરતોને આધીન કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યાની સંખ્યા | કાયમી કરેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, વર્ગ-૧ | ૦૧ | ૦૧ |
| ૨ | મુખ્ય કારકુન, વર્ગ-૩ | ૦૧ | ૦૧ |
| ૩ | કલ્યાણ વ્યવસ્થાપક, વર્ગ-૩ | ૦૧ | ૦૧ |
| ૪ | જુનીયર કારકુન, વર્ગ-૩ | ૦૧ | ૦૧ |
| | **કુલઃ-** | **૦૪** | **૦૪** |

**શ ર તોઃ-**

(૧) આ અંગે થનાર ખર્ચ માંગણી ક્રમાંક ૪૬ મુખ્ય સદર ૨૨૩૫ – સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ગૌણ સદર-૨૦૦ યોજનાઓ પેટા સદર (૧) સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી હેઠળ જે તે વર્ષના અંદાજપત્રમાં મંજુર થનાર અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

(૨) આ અંગે થનાર ખર્ચ પેટે ૬૦ % રકમ કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી, અમદાવાદની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રી(ગૃહ) ની તા.૨૫/૧/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનઃર્વસવાટ કચેરી, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૩. નાણાં સલાહકારશ્રી, (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, મહેસાણા.
૫. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મહેસાણા.
૬. બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. શાખા સિલેકટ ફાઇલ.